ક્રમાંક : ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/ ૮૮૩૭ - ૯૦૧૦

કમિશનર શાળાઓની કચેરી
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર
તા. /૦૪/૨૦૨૦
20/4/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ.

વિષય : સરકારી તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ચાલુ રાખવા બાબત.

સંદર્ભ : (૧) સામાન્ય વહિવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ તા.૧૩/૦૪/૨૦૨૦.
(૨) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૦/૧૫૧(૨)વ-૨/ક તા. ૧૭/૦૪/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત ઠરાવ/પરિપત્ર અન્વયે જણાવવાનુ કે રાજ્યમાં હાલ ચાલી રહેલ કોરોના મહામારીને કારણે રાજ્યમાં લોકડાઉન અમલમાં છે જેને લઇને રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૧નાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ છે અને તદઅનુસાર શાળાઓમાં શૈક્ષણિક કાર્ય હાલ બંધ છે. આ બાબતને ધ્યાનમાં રાખી હાલ શાળાઓ બંધ રાખવી હિતાવહ જણાય છે.

ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બંધ રાખવા અંગેની જરૂરી સૂચના આપની કક્ષાએથી આપવા આથી જણાવવામાં આવે છે.

નિવૃત થતા કર્મચારીઓના પેન્શન કેસ બાકી હોય કે કોઇ કર્મચારીને જી.પી.એફ.ઉપાડની જરૂરીયાત હોય તે કામગીરી પુરતુ જે તે શાળાના આચાર્ય અને જે તે કામગીરી સંભાળતા વહિવટી કર્મચારીને તે સમય પુરતુ શાળાએ આવી તે કામગીરી પુર્ણ કરવાની રહેશે.

**ખાસ નોધ: જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કોરોના મહામારી સંબંધે જો કોઇ કામગીરી સોપવામાં આવે તો તે કામગીરી તમામે કરવાની રહેશે. તેની નોધ લેવા જણાવવામાં આવે છે.**

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક,
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

ક્રમાંક : ગ-૪/ COVID-19 /૨૦-૨૧/૬૧૧૯-૬૪૧૯
જરૂરી / અગત્યનું
ઈ.મેઈલ

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જુનો વઢવાણનો ઉતારો,
કસ્તુરબા માર્ગ,મુ.રાજકોટ
તા.૨૦-૦૪-૨૦૨૦

**નકલ જાણ તથા અમલાર્થે**

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

**નકલ જાણ તથા અમલાર્થે :**

– આચાર્યશ્રી/સંચાલકશ્રી , તમામ સરકારી / ગ્રાંટેડ / નોનગ્રાંટેડ માધ્યમિક/ઉ.મા.શાળાઓ, રાજકોટ જિલ્લો.

Scanned with CamScanner